"મિચ્છામી દુકડમ..."

"સાહેબ પ્રણામ મારા... મન, વચન, કર્મથી કાંઈ પણ ભુલ-ચુક થઈ હોય તો માફ કરી દેજો... ક્ષમા કરજો... મિચ્છામી દુકડમ..."

"હા... ભાઈ... હા... તમારા વિવેકનો આદરપૂર્વક સ્વીકાર કરૂ છું... પણ સાચી વાત કહું...?! ભુલ નહીં કરનારા જ માફી માંગે છે..!"

"સાહેબ ભુલનાય બે પ્રકાર છે... અજાણતાથી થયેલી ભુલ અને જાણી જોઈને થયેલી ભુલ..! અજાણતાંથી ભુલ થઈ હોય તો સ્વાભાવિક જ માફી મંગાઈ જ જાય... પણ જાણી જોઈને કરાયેલી ભુલ.. ભુલોમાં પરિવર્તિત થાય છે..!"

"સાહેબ... તમે તો ક્ષમાપના પર્વનું પ્રવચન આપી દીધું..! મારી તો સ્વાભાવિક જ વાત હતી... ભુલ દરેકના જીવનમાં થાય પણ એનો સ્વીકાર થાય એટલે પ્રતિક્રમણ થાય અને એમાં સુધારો થાય. એ જ આજની ઉજવણીનો મર્મ છે."

"સાહેબ જો આવું બધું થતું જ હોય તો પંજાબ હરીયાણામાં આ શરમજનક સ્થિતિ ના સર્જાઈ હોત..!"

"હા... હા... સાચી વાત છે... સાવ સાચી વાત છે... સમાચાર જોઈએ છીએ... સમાચારો સાંભળીએ છીએ, ત્યારે હૃદય ધ્રુજી ઉઠે છે..."

"... અરે સાહેબ... આ તો ગુરૂના ભક્તો કે શેતાનના ગુંડાઓ..!? સમજાતું જ નથી... કાયદો કાયદાનું કામ કરે... કોર્ટ ન્યાય આપે અને એનું આવુ અતિક્રમણ..?!"

"... હા ભાઈ હા... પ્રતિક્રમણના દિવસે જ અતિક્રમણ... ક્ષમાપનાના દિવસે જ શેતાનીયતનો દિવસ... અને વિઘ્નહર્તાના જન્મ દિવસે બબ્બે સરકારોની સામે વિઘ્નોની વણઝાર..!!"

"... પણ સાહેબ... આ તો હદ કરી નાંખી છે..! આ ધર્મના ધતીંગબાજોના ચેલા-ચેલીઓ રોડ ઉપર આવી કાયદો હાથમાં લે... અને ત્યાં સુધી પ્રશાસન પામર બનીને રહી જાય... એવી તો શું લાચારી છે સરકારોની..!?"

"જુઓ સાહેબ... ચોખ્ખીને ચટ્ટ એક ભુલ સમયસર ન સુધારાય... એ ભુલને ઢાંકવા બીજી સો ભુલો કરાઈ રહી છે... રામ રહીમ ડેરા સચ્ચાવાળાને આટલા મોટા કર્યા કોણે..?! આટલા મોટા થવા કોણે દીધા..?! ઝેડ પ્લસની સીક્યોરીટી આપી કોણે..?! ડેરા બાંધવા જમીનો અપાઈ કેવી રીતે..?! મહા સત્સંગોની પરમીશનો આપી કોણે..?! આ બધા જ પ્રશ્નો સમજાય છે..?!"

"હં...અ... આ બધાની આગળ-પાછળ-ઉપર-નીચે રાજકારણના તાણાવાણા છે..! અને એમાં કોઈ પણ પક્ષ બાકી જ નથી..!! બધાજ પોત પોતાના શાસનમાં રાજકીય ખીચડી પકાવી જ લે છે..!! અને ત્યારે જ આ સ્થિતિ ભોગવવી પડે છે..!"

"... પણ સાહેબ... આ ગાંધી વૈદ્યના સહીયારા જેવો ઘાટ છે..! સુરક્ષાદળો અને ડેરા સચ્ચાના અનુયાયીઓ વચ્ચે સમરાંગણો સર્જાયા છે... વાહનોના વાહનો ફુંકી મરાયા છે... નિર્દોષોના લોહી વહી રહ્યાં છે... આકાશમાં આગના ગોટેગોટા દેખાઈ રહ્યાં છે ત્યારે પણ કોઈ પણ

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં શ્રીજીની ધામધૂમથી પધરામણી

શ્રીજીની ભવ્ય શોભાયાત્રાનુ સેકટરોમાં ભવ્ય સ્વાગત : ગરબાની રમઝટ જામી : સેકટરોમાં ભાવિકો દ્વારા ઠેર ઠેર ભગવાનની શોભાયાત્રાનુ સ્વાગત કરાયુ : ગણપતિ બાપા મોરીયાના જયઘોષથી નગરના માર્ગો ગુંજી ઉઠયા : મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા : શ્રીજીની દિવ્ય અને ભવ્ય મુર્તિ ભાવિકોમાં શ્રધ્ધાનુ કેન્દ્ર સ્થાન

ગાંધીનગર તા ૨૫

શહેરમાં ગણેશોત્સવની ઉજવણીના પ્રારંભે આજે નગરના સેકટરોમાંથી શ્રીજીની ભવ્ય શોભાયાત્રા નિકળી હતી. ગણપતિ બાપા મોરીયા... ના જયઘોષથી નગર ગણેશ ભક્તિમય બન્યુ હતુ. સે-૨૨ સાવર્જનિક ગણેશોત્સવ સમિતિ ઓયોજિત ગણેશોત્સવ અન્વયે સે-૨૦ ખાતેથી શ્રીજીની ભવ્ય શોભાયાત્રા નિકળી હતી. એસ આર પી બેન્ડની સુરાવલી વચ્ચે ગણેશજીની પુજા અર્ચના અને આરતી બાદ ભવ્ય શોભાયાત્રાનુ પ્રસ્થાન કરવામાં આવ્યુ હતુ. શોભાયાત્રામાં શ્રીજીની ભવ્ય મુર્તિ સાથે ૨૫ જેટલા વાહનો તેમજ મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા. બાપા મોરીયાના જયઘોષ વચ્ચે સેકટરોમાંથી પસાર થયેલી શ્રીજી શોભાયાત્રાને સ્થાનિક નગરજનો ચોખાથી વધાવી હતી. શોભાયાત્રાના રૂટમાં ઠેર ઠેર ભાવિકો દ્વારા યાત્રાનુ સ્વાગત કરાયુ હતુ. સે-૨૨ રંગમંચ પહોંચેલી શોભાયાત્રાના અંતે રંગમંચ પાછળ સ્થિત પંડાલમાં શ્રીજીની દિવ્ય અને ભવ્ય મુર્તિની સ્થાપના તેમજ પુજા વિધિ યોજવામાં આવી હતી. સે-૧૬ સોમનાથ મહાદેવ મંદિર સમિતિ આયોજિત ગણેશોત્સવની ઉજવણી અન્વયે સે-૨૩ માંથી ભગવાન ગણેશની શોભાયાત્રા નિકળી હતી.

શહેરમાં ગણેશોત્સવની ઉજવણી અન્વયે આજે વિવિધ સેકટરોમાંથી ભગવાન ગણેશજીની ભવ્ય શોભાયાત્રા નિકળી હતી. સે-૨૦ સ્થિત અષ્ટલક્ષ્મી એપાર્ટમેન્ટ ખાતે અરૂણ બુચના નિવાસ સ્થાને શ્રીજીની પુજા અર્ચના અને આરતી કરવામાં આવી હતી. આ પ્રસંગે સાર્વજનિક ગણેશોત્સવ સમિતિના અધ્યક્ષ નિશિત વ્યાસ ,વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર મેયર પ્રવિણ પટેલ પવિત્ર યાત્રાધામ બોર્ડના અધ્યક્ષ મહેન્દ્ર ત્રિવેદી, ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા મહાનગરપાલિકાના વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા કોર્પોરેટર હિરલ જોષી સહીત નગરના અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં ભાવિકોએ હાજરી આપી હતી. એસ આર પી બેન્ડની સુરાવલી વચ્ચે શ્રીજીની મુર્તિની પુજા વિધી બાદ ગણપતિ બાપા મોરીયાના જયઘોષ વચ્ચે શ્રીજીની શોભાયાત્રાનુ પ્રસ્થાન કરવામાં આવ્યુ હતુ. શોભાયાત્રાના પ્રારંભે ગરબાની રમઝટ જામી હતી. સે-૨૦ ના આંતરિક માર્ગો પરથી આગળ વધતી શોભાયાત્રા ડી જેની સુરાવલી વચ્ચે સે-૨૧ શોપિંગ વિસ્તારમાંથી પસાર થઇ ગોર્વધનનાથજીની હવેલી પાસેથી સે-૨૨ તરફ આગળ વધી હતી. શોભાયાત્રામાં ડો ચેતના બુચ , આશાબેન સરવૈયા, જયરાજસિંહ સરવૈયા તેમજ શહેર વસાહત

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લામાં સ્વાઈન ફ્લુના વધુ ૩ કેસ

ગ્રામ સંજીવની સમિતિઓ સક્રિય બની લોક-જાગૃતિ અભિયાનમાં સહયોગી બને : તંત્ર

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુના વધુ ૩ કેસ આજે નોંધાયા છે. સ્વાઈન ફ્લુના વધતા જતા કેસોને પગલે તંત્રએ ગ્રામ્ય સ્તરે ગ્રામ સંજીવની સમિતિઓ સક્રિય બને અને ભીડમાં જવાનુ લોકો ટાળે તે અંગેની જાગૃતિનું અભિયાન ચલાવે તેવો આગ્રહ કર્યો છે.

જિલ્લાના કલોલ તાલુકામાં આજે વધુ ૨ કેસ મળ્યા છે તો ૧ કેસ માણસા તાલુકામાં નોંધાયો છે.

મળતી વિગતો પ્રમાણે કલોલના બાલવા અને જામળા ગામેથી આ બે કેસ મળી આવ્યા છે અને તે હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જ્યાં તેમની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

આ ઉપરાંત માણસા તાલુકાના ગુલાબપુરા ગામેથી પણ વધુ એક કેસ મળી આવેલ છે. જે દર્દી પણ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

જિલ્લામાં સ્વાઈન ફ્લુના આ વખતે કેસોની સંખ્યા ૯૦ પર પહોંચી છે. સૌથી વધુ કેસ આ મહિનામાં જ નોંધાયા છે. ચાલુ માસમાં જ આ કેસોની સંખ્યા ૭૩ પર પહોંચી છે.

દરમ્યાન આરોગ્યતંત્રએ ગ્રામ્ય સ્તરે ગ્રામ સંજીવની સમિતિઓ છે તેને સક્રિય બનવા અપીલ કરી છે અને ગ્રામ્ય વિસ્તારમાં ભીડમાં જવાનું લોકો ટાળે તે માટે અભિયાન ચલાવવા જણાવ્યુ છે.

રાજ્યમાં સ્વાઈન ફ્લુથી વધુ ૧૦ના મોત : ૨૦૧ નવા કેસો

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતભરમાં પણ સ્વાઈન ફ્લુનો આતંક યથાવતરીતે જારી રહ્યો છે. સ્વાઈન ફ્લુના કારણે વધુ ૧૦ના મોત થતાં મૃતાંક વધીને ૩૦૦થી પણ ઉપર પહોંચ્યો છે. આંકડો વધીને આજે ૩૦૭ ઉપર પહોંચતા ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું. રાજ્યમાં સ્વાઈન ફ્લુના વધુ ૨૦૧ કેસ સપાટી ઉપર આવ્યા છે. આની સાથે જ કુલ કેસોની સંખ્યા ૩૮૦૦થી પણ ઉપર પહોંચી છે. આ આંકડો રોકેટગતિએ વધી રહ્યો છે. અમદાવાદમાં સ્વાઈન ફ્લુના લીધે શુક્રવારના દિવસે ત્રણ અને કચ્છમાં વધુ બેના મોત થયા હતા. આવી જ રીતે જામનગર પાદરામાં એક એક વ્યક્તિના મોત થયા છે. ૨૩ દર્દીઓ હજુ પણ વેન્ટિલેટર પર છે જ્યારે ૩૧૫ દર્દીઓ સારવાર લીધા બાદ સંપૂર્ણ સ્વસ્થ થઇ ચુક્યા છે.

નકલી પોલીસ બની લુંટ કેસમાં આરોપીને ત્રણ વર્ષની કેદ

સે-૨૮ ના બગીચામાં નકલી પોલીસ બની આરોપીએ ૩૭ હજારની ચોરી કરતા આઘાતમાં એક વ્યકિતનુ મોત નિપજયુ હતુ

ગાંધીનગર તા ૨૫

સે-૨૮ માં નકલી પોલીસ બની લુંટ કરનારા આરોપીને ગાંધીનગર કોર્ટે ત્રણ વર્ષની કેદ તેમજ રૂ ૪૦ હજારનો દંડ ભોગવવા આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર તા ૩૦ જુલાઈ વર્ષ ૨૦૧૨ ના રોજ આરોપી હિતેન્દ્રસિંહ મફતસિંહ ચાવડાએ સે-૨૮ ના બગીચામાં ફરવા આવેલા કપલને પોતાની પોલીસની ઓળખ આપી હતી. જયારે પોલીસની ઓળખ આપી કપલને પ્રેમી પંખીડા હોવાનુ જણાંવી ભોગ બનનાર ધવલને બાઈક પર બેસાડી બેંકના એ ટી એમ માંથી બેંકના એ ટી એમ માંથી પૈસા ઉપાડી લીધા હતા. આ ઉપરાંત આરોપીએ તેમના બે એ ટી એમ કાર્ડ તેમજ મોબાઈલ સહીત રૂ ૩૭ હજારની મત્તાની ચોરી કરી હતી. જેના આઘાતથી મંગેતર સાથે બગીચામાં બેઠેલા ધવલે આત્મહત્યા કરી હતી. જયારે આ બનાવ સંદર્ભે આરોપી વિરુધ્ધ સે-૨૧ પોલીસ સ્ટેશનમાં ગુન્હો દાખલ થયો હતો. આ કેસ ગાંધીનગરની એડી સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી વ્યાસે દલીલો કરી હતી. જેમાં તેમણે કોર્ટ સમક્ષ જણાંવ્યુ હતુ કે આરોપીએ નિર્દોષ વ્યક્તિને નકલી પોલીસ બનીને લુંટ કરી છે. જેના આઘાતથી તેમનુ મોત નિપજયુ છે. જેથી આરોપીને તેના કૃત્ય બદલ કાયદામાં દર્શાવેલ પુરેપુરી સજા થવી જોઈએ. સમાજમાં દાખલો બેસે તે મુજબ યોગ્ય સજા કરવા માટે કોર્ટ સમક્ષ પોતાની દલીલમાં જણાંવ્યુ હતુ. સરકારી વકીલની દલીલો તેમજ પુરાવાને ધ્યાને લઈ સેસન્સ જજ એસ વી વ્યાસે આ કેસના આરોપીને ત્રણ વર્ષની કેદની સજા તેમજ રૂ ૪૦ હજારનો દંડ ભોગવવા આદેશ કર્યો છે. જયારે દંડની રકમમાંથી મરણ જનારાના પિતાને રૂ ૩૦ હજારનુ વળતર ચુકવવા માટે પણ કોર્ટે આદેશ કર્યો છે.

જય જય અંબે... - ભાદરવી પૂનમના અંબાજીના મેળામાં પહોંચવા અને માતાજીના ચરણોમાં શીશ ઝુકાવવા પદયાત્રા સંઘોએ અંબાજી તરફ પ્રસ્થાન કર્યું છે... શુક્રવારે દિવસ દરમિયાન નોંધપાત્ર સંખ્યામાં પદયાત્રીઓ ગાંધીનગરના માર્ગો પરથી પસાર થયા હતા... આગામી દિવસોમાં રોજેરોજ સંખ્યા વધતી જશે... અને ગાંધીનગરના માર્ગો જય, જય અંબેના જયઘોષોથી ગાજી ઉઠશે....

કઠોળ-શાકભાજી-ડાંગર અને ઘાસચારાના પાકોના વાવેતરમાં વધારો થતો જોવાયો

ખેડૂતોમાં પાક-વાવેતર પેટર્નમાં બદલાવ જોવા મળી રહ્યો છે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં સમયસરના ચોમાસાના આગમનને પગલે ખેડૂતો દ્વારા ખરીફ ઋતુના વાવેતરના અંતિમ ચરણમાં પણ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં એક લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર થઈ જવા પામ્યુ છે.

જિલ્લામાં ખેડૂતો દ્વારા શાકભાજી, દિવેલા, ડાંગર અને ઘાસચારાના પાકના વાવેતરને વેગીલુ બનાવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે ૨૬,૩૫૦ હેક્ટરમાં ઘાસચારાનું વાવેતર થયું છે. જ્યારે ૯૫૦૦ હેક્ટરમાં શાકભાજીના પાકોનું વાવેતર થયું છે. શાકભાજીમાં પણ ફેર રોપણીના પાકો જે છે તેનું વાવેતર નોંધનીય રહ્યું છે.

ગુવારના વાવેતરમાં પણ સારો એવો રસ ખેડૂતોએ દાખવ્યો છે અને અત્યાર સુધીમાં ૭ હજાર હેક્ટરમાં વાવેતર થઈ ગયાનું જાણવા મળેલ છે.

દિવેલાના વાવેતરમાં સારો એવો ઉત્સાહ ખેડૂતોમાં જોવા મળ્યો છે. ૧૩,૫૬૯ હેક્ટરમાં ખેડૂતોએ વાવેતર કરી દીધુ છે અને આટલુ જ બીજુ વાવેતર હજુ આગામી દિવસોમાં થશે તેમ જાણવા મળેલ છે.

કઠોળના ભાવમાં નોંધાયેલા ઉછાળા પછી મઠ, અડદ, મગ, તુવેર સહિતના અન્ય કઠોળના વાવેતર માટે ખેડૂતો ઉત્સાહિત બન્યા છે. મગનું વાવેતર ૨ હજાર હેક્ટર, મઠનું વાવેતર ૮૮ હેક્ટર, અડદનું વાવેતર ૧૧૭૦ હેક્ટર અને અન્ય કઠોળનું વાવેતર ૪૬ હેક્ટરમાં નોંધાયું છે. મકાઈનું વાવેતરણ પણ ૧૩૭ હેક્ટરમાં આ વર્ષે નોંધાયુ છે.

બાજરી અને ડાંગર પિયતનું વાવેતર સારા વરસાદને કારણે પણ વધવા પામ્યુ છે. બાજરીનું ૧૫૦૦ હેક્ટરમાં તો ડાંગરનું વાવેતર ૯૨૦૦ હેક્ટરમાં અત્યાર સુધીમાં નોંધાયુ હોવાનું જાણવા મળેલ છે.

એક અંદાજ પ્રમાણે જિલ્લામાં સવાલાખ હેક્ટરમાં ખરીફ ઋતુનું વાવેતર થશે. હવે એકાદ-બે સપ્તાહ ખરીફ ઋતુનું વાવેતર ચાલશે. આ વર્ષે પણ સરેરાશ વાવેતર જળવાઈ રહેશે. કપાસના વાવેતર વિસ્તારમાં ઘટાડો જોવા મળ્યો છે.

પ્રદેશ કોંગ્રેસના ચાર કાર્યકારી પ્રમુખ નિમાયા

ચૂંટણીને લઇ કોંગ્રેસનો અતિમહત્વનો નિર્ણય : કયા ઝોનની જવાબદારી કોણ સંભાળશે તે ટૂંક સમયમાં નિર્ણય કરાશે

અમદાવાદ,તા. ૨૫

ગુજરાત કોંગ્રેસમાં બહુ મહત્વના અને અસાધારણ કહી શકાય તેવા ઘટનાક્રમમાં એઆઈસીસી દ્વારા આજે ચાર કાર્યકારી પ્રમુખોની સત્તાવાર રીતે નિમણૂંક કરવામાં આવી છે. જેમાં તુષાર ચૌધરી, પરેશ ધાનાણી, કુંવરજી બાવળીયા અને કરસનદાસ સોનાલીનો સમાવેશ કરાયો છે. ગુજરાતના ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર એમ ચાર ઝોન માટે આ ચાર કાર્યકારી પ્રમુખોની નિમણૂંક કરવામાં આવી છે. જો કે, હજુ સુધી તેમની જવાબદારી નક્કી કરવામાં આવી નથી. કોને કયા ઝોનની જવાબદારી નિભાવવાની રહેશે તે હવે આગામી દિવસમાં નકકી થશે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં લઈને ગુજરાત કોંગ્રેસના પ્રદેશ સંગઠન અને માળખામાં ગઈકાલે જ ધરખમ ફેરફાર કરી જમ્બો વિસ્તરણ કરાયું છે ત્યારે આજે એક મહત્વના નિર્ણય મારફતે રાજયના ચાર ઝોન માટે કાર્યકારી પ્રમુખોની નિમણૂંક કરી દેવામાં આવી છે. એક રીતે હાલના

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com